# -: અઝમતે કુર્આન :-

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.)થી સવાલ થયો કે, અલ્લાહતઆલાને નઝદીક કઈ ચીઝ અફઝલ અને બરતર છે. આપે ફરમાવું કે અલ્લાહને નઝદીક કુર્આને કરીમ તમામથી અફઝલ છે. કુર્આનની જે ઈઝઝત કરે છે તેએ અલ્લાહની તૌકીર કીધી. અને કુર્આનને જે હકીર (હલકા) માને તેએ અલ્લાહને હકીર માના. કુર્આનની ઈઝઝત અલ્લાહને નઝદીક દીકરાની નઝરમાં બાપની હુરમત જેવી છે. કુર્આનને ઉચકવાવાલા અને તેની તાઅલીમાત પર ચાલનારા અલ્લાહની રેહમતના હકદાર છે અને અલ્લાહના કરમના લિબાસથી ઢંકાયેલા છે અને અલ્લાહના કલામના શીખવનારા છે. કુર્આનનો દોસ્ત તે અલ્લાહનો દોસ્ત અને એનો દુશ્મન તે અલ્લાહનો દુશ્મન છે. અલ્લાહતઆલા ફરમાવે છે કે, ***"અય કુર્આનને ઉચકનારાઓ ! કુર્આનની તૌકીર કરીને અલ્લાહને યાદ કરા કરો. અલ્લાહતઆલા તમારી મોહબ્બતમાં ઈઝાફો કરશે. તમને મહેબૂબ બનાવશે."***

કુર્આનની તિલાવત કરવાવાલાથી અલ્લાહતઆલા દુનિયા અને આખેરતની શર, બુરાઈ અને બલાને દફઅ કરે છે. કુર્આન અરશથી લઈને ઝમીનના પાતાલ તકની તમામ ચીઝોથી અફઝલ છે. કુર્આનમાં યાસીન છે. એનો મતલબ એ કે ઈન્સાન ! તું રાતમાં અલ્લાહને નઝદીક અઝીઝ અને દિનમાં શરીફ છે. યાસીનની કિરાત કરવાવાલાની ખતાઓને અલ્લાહતઆલા મઆફ કરશે. રાતમાં ઉઠો તો કુર્આન બાઆવાઝે બલંદ પઢો જેથી શૈતાન અને જીન્નાતમાંથી ફાસિક (ફિત્નો કરનાર) ભાગી જાય અને હવાના ફરિશ્તાઓ ઘરમાં સુકુન લઈ કુર્આન સાંભલે અને નમાઝ તેમજ સલવાત પણ પઢે. મૌતને વક્ત કુર્આન હાઝિર થાશે અને મરનારના માથાને પાસે આવશે. ગુસુલને બાદ છાતી અને બે ખભાને દરમ્યાન આવશે. દફન થયા બાદ મુન્કર નકીર આવશે તો કુર્આન દરમ્યાનમાં પડદો થાશે. બેવે કુર્આનને કેહશે કે હટો ! અમને સવાલ કરવા દો. તો કુર્આન કહેશે કે વલ્લાહ ! મેં આ બંદાથી અલગ થાવાનો નથી જહાં તક મેં આને જન્નતમાં દાખલ ન કરી દઉં. તમે તમારું કામ કરો. પછી કુર્આન તેના સાહબને પૂછશે કે શું તું મને ઓલખે છે ? પહેલા તે કહેશે કે, નહિ. તો કુર્આન કહેશે કે, મેં કુર્આન છું જેની તું રાતદિન તિલાવત કરતો હતો અને જેએ તને જીસ્માની શેહવતથી રોકો. ખરેખર આજે તુ મને બેહતરીન ભાઈ અને સાચો વફાદાર દોસ્ત પરામીશ. પછી કુર્આન અલ્લાહની તરફ જાશે અને અલ્લાહના હુકમથી એને વાસ્તે ફરશ, લિબાસ, નૂરના શમ્અદાન, સુન્દોસ, ઈસ્તબ્રક, રેહાન અને યાસ્મીન લઈને આવશે.

રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, તમારી આવાઝને કુર્આનની તિલાવતથી ઝીનત બખ્શો. કુર્આનને તરન્નુમ અને ખુશ ઈલ્હાનીથી પઢવું અલ્લાહને ઘણું પસંદ છે. કુર્આનના મોઅલ્લીમ લોગોના બેહતર છે અને અગર તેઓ ન હોત તો તમે ગુમરાહ થાત. તો આઓ ! કુર્આન પઢો. આપે એ પણ ફરમાવું કે, ***"બચ્ચું જે વક્ત બિસ્મીલ્લાહ બોલે છે તો અલ્લાહ એના માઁ-બાપ અને મોઅલ્લીમને વાસ્તે જહન્નમથી બરાત અને અઝાબથી અમાનનામું લીખે છે."*** ખરેખર, કુર્આન અલ્લાહની ઝાત સિવાય કાએનાતની તમામ ચીઝોથી અફઝલ છે. ★